સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

નાત જ જાતના કોઈ ફિરકે બંધાય છે યેપ,
'નજીકપણા'ના ખોટા સંબંધે બંધાય છે યેપ!
'માણસ ગંધાય - માણસ ખાઉં' છે છૂપો રાક્ષસ -
'બેદરકારી'ના દેગડામાં જ રંધાય છે યેપ...

હાઈકુ

મહેરબાની !
કરો ના મનમાની -
લ્યો સાવધાની...

રોકો ભ્રમણ -
યેપનું સંક્રમણ -
રોગ કારણ...

ચિંતન

આલસ્યં હિ મનુષ્યાણાં શરીરસ્થો મહારિપુ: ।
નાસ્ત્યુદ્યમ સમો બંધુ: કૃત્વાયં નાવસીદતિ ॥

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

'આળસ' એ માણસમાં છુપાઈને બેઠેલો મહાદુશ્મન છે. જ્યારે 'ઉદ્યમ' એ પણ માણસના શરીરમાં રહેતો ઉત્તમ સ્વજન છે. આળસ માણસને દુ:ખી દુ:ખી કરી નાખે છે જ્યારે ઉદ્યમમાં રહેનાર ક્યારે પણ દુ:ખી થતો નથી.

પરિશ્રમ - કસરથી દૂર ભાગતાં લોકોના શરીર પર ચરબીના થર ચઢે છે. આવાં લોકો શરુઆતમાં પોતાને બુદ્ધિમાન સમજી પોતાનાંથી થઈ શકતા કામ યુક્તિપૂર્વક કે આજ્ઞાથી બીજાની પાસે કરાવી લેતાં હોય છે. અને પરિણામે હાડકાંની આસપાસ અને મગજ પર 'ચરબી' ચઢે છે. ઊઠવા-બેસવા અને કામ કરવાની તત્પરતા - 'છળ' નો નાશ થાય છે, અને એ 'ચરબી' ગાદી પર રોગો પોતાની પથારી પાથરે છે. પછી પોતાની જરૂરિયાત - આવશ્યકતાના કામ માટે પણ પરાધીત થઈ બીજાની સાથે દયાની મીટ માંડવી પડે છે. આમ 'આળસ' આપણો દુશ્મન છે, જે છુપાઈને ધીમો હુમલો કરે છે.

ઉદ્યમમાં રહેનાર કદાપિ પરાધીન થતાં નથી.

સુવિચાર

- મનની શાંતિનું મૂલ્ય સંપત્તિ અને સ્વાસ્થ્ય કરતાં ઘણું વધારે છે - **બી કે શિવાની**
- અસત્ય કહેનારને કોઈ મિત્ર મળતો નથી, અને પુણ્ય કે યશ પણ કદી મળતા નથી - **બોધિવૃક્ષ**
- મૂર્ખ માનવીનો અવાજ ઊંચો હોય છે, નહિ તો એને કોઈ જ સાંભળે નહિ - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર મહાપુરુષ (સંત)નાં માધ્યમ દ્વારા સદ્‌જ્ઞાનનો ફેલાવો કરે છે - **કુરાન**
- ટીકા તો કોયલના ટહુકાની પણ કરી શકાય - **નીતિશતક**
- દિલ દે તો ઈસ મિજાજ કા પરવર દિગાર દે... જો રંજ કી ઘડી કો ખુશી મેં ગુજાર દે - **દાગ દહેલવી**
- આજનું ઔષધ : આંખમાં દુ:ખાવો થતો હોય, આંખો ખટકી હોય તો પગનાં અંગુઠાના નખ ઉપર આકડાના દૂધમાં ભીજવેલું રૂનું પૂમડું મૂકવું **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ડૉ. લિસ્ટર એક કુશળ સર્જક હતો. એ વખતે દર્દીઓ ચેપને કારણે મરી જતાં. લિસ્ટરે લુઈ પાશ્ચર વિશે વાંચ્યું. કે જેમાં પાશ્ચરે સાબિત કર્યું હતું કે ચેપી રોગાણું (બેકટેરીયા) બધે જ હોય છે. શરીરમાં પણ બેકટેરિયા હંમેશા હોય છે. લિસ્ટરે વિચાર્યું ચેપથી બચવા માટે એક માત્ર રીત છે કે ઘા સતત કોઈ કિટાણું વિરોધી તત્ત્વના સંપર્કમાં રહે. તેણે ઘાનું ડ્રેસિંગ કરવા કાર્બોલિક એસિડનો પ્રયોગ કર્યો. તેણે ઓપરેશનના દરેક સાધનો તથા ઓપરેશનમાં પહેરવામાં આવતા કપડાં વગેરે પર કિટાણું રહિત બનાવવા પર ભાર મૂક્યો. અન્ય ડૉકટરોએ લિસ્ટરની મજાક પણ ઉડાવી. પણ લિસ્ટરે પ્રયોગ ચાલુ રાખ્યા. એણે પોતાના દરેક દર્દીને પ્રયોગ કરવા આ એન્ટીસેપ્ટિક વિધિ કરી. અલગ વોર્ડમાં રાખ્યા. બીજા દર્દીઓ જે એન્ટી સેપ્ટિક વિધિમાં ભાગ નહોતો લીધો તે ખરેખર ચેપને કારણે મૃત્યુની નજીક પહોંચ્યા અને ડોલિસ્ટરના વોર્ડના દર્દીઓ સ્વાસ્થ્ય થઈ રહ્યા. આ પંદર દિવસના પ્રયોગ બાદ પેલા ડૉકટરોને લિસ્ટરની એન્ટીસેપ્ટિક પ્રણાલી સાથે સહમત થવું પડ્યું. આ ડૉકટર ત્યાં અટક્યા નહીં તેમણે ટાંકા લેવામાં જે રેશમનો તાર વપરાતો હતો. તેની જગ્યાએ બીલાડી પરનાં ઘા ને ઘેટાનાં આંતરડામાંથી બનેલા દોરાનો ઉપયોગ કરી જોયો. અને એ બીલાડીના ટાંકા એના શરીરમાં જ શોષાઈ ગયા. અને ઝેર પણ ફલાયું નહીં. ટાંકા લેવા માટેના આ આવિષ્કાર બદલ તેમને રોયલ મેડિકલ સોસાયટીના અધ્યક્ષ બનાવવામાં આવ્યા.

શ્રમિકોને ઘરે પહોંચાડવામાં જ ડહાપણ

તંત્રીસ્થાનેથી...

ગુજરાત પ્રમાણમાં દેશનાં અન્ય રાજયોની સરખામણીમાં સુખી પ્રદેશ તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. વળી અહીં જેવું શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ પ્રવર્તે છે એવું દેશનાં અન્ય થોડાક જ રાજયોમાં પ્રવર્તતું હશે. સલામતી, ઈમાનદારી અને કરુણા જેવા માણસાઈના ગુણો ધરાવતા આ પ્રદેશમાં આખા દેશમાંથી લોકો આજીવિકા રળવા ઊમટે છે. ઉચ્ચ સનદી સેવાઓમાં પણ ગુજરાતને પ્રોયોરિટી સ્ટેટ તરીકે ગણવામાં આવે છે. સનદી અધિકારીઓ ગુજરાતમાં પગ મૂક્યા પછી વતનમાં તો ફક્ત લટાર મારવા કે ઈન્વેસ્ટમેન્ટ કરવા જતા હોય છે. ગુજરાત કામદેનુ છે - દૂઝણી ગાય છે. સૌને રોટલો અને ઓટલો આપે છે. આથી છેક દ્વાપરયુગના શ્રીકૃષ્ણથી માંડી ભક્તિકાળનાં મીરાંબાઈ સુધીની વિશિષ્ટ વિભૂતિઓ ગુજરાતમાં વસી જઈ શાતા અનુભવતી રહી છે. આજે રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશ કે ઓડિશાથી લઈ કેરળ સુધીના લોકોએ ગુજરાતને એમનું બીજું વતન જ બનાવી દીધું છે. પરંતુ કોરોના સંકટ ટાળવા માટેના કડવા ઉપાય લેખે જયારે લોકડાઉન જાહેર કરાયું અને એકવીસ દિવસ પછી પણ એ લંબાવાયું ત્યારે કામકાજ વગરના, બેકાર બની ગયેલા શ્રમિક સમુદાય માટે ગુજરાતમાં રહેવું દોહ્યલું બની રહ્યું છે. ધંધા રોજગાર નાના પાયે શરૂ કરાય તો પણ બેકાર થઈ ગયેલા કારીગરો કે મજૂરોના બહુ નાના સમુદાયને કામ આપી શકાય એમ છે. ઉત્પાદન અને વેપાર બંધ થતાં રોજગારદાતાઓ પોતે જ નાણાંભીડ અનુભવી રહ્યા હોય ત્યાં એમના જૂના કર્મચારીઓ, મજૂરોને ઘેર બેઠાં પગાર ચૂકવે એવી સરકારની અપેક્ષા તદ્દન બિનવ્યવહારું અને વાહિયાત છે. આખરે મોડે મોડે સરકારને પણ સમજાયું કે પરપ્રાંતીયોને એમના વહાલા વતન ભેગા કરવામાં જ માનવતા છે. અગાઉ તમામ પ્રકારનાં વાહનો બંધ થઈ જતાં સેંકડો માઈલ પગપાળા ખેપ કરી આવા ગરીબ લોકોએ વતનની વાટ પકડી હતી. એમને અધવચ્ચે અટકાવી થોડીઘણી રોજિંદી જરૂરિયાતો પૂરી પાડવા સરકાર પ્રયાસ કરતી રહી પરંતુ એ કોઈ કાયમી ઉકેલ નથી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ તો સ્પેશિયલ ટ્રેનો દોડાવી આવા લોકોને વતન ભેગા કરવાની દરખાસ્ત કરી હતી. જો કે એથી કોરોના સંક્રમણ વધી જવાની સંભાવના હોઈ એ દરખાસ્ત માન્ય નહોતી રખાઈ. બિહારના મુખ્યમંત્રીએ તો રાજયની સીમામાં ખુદ બિહારીઓ માટે પ્રવેશબંધી ફરમાવી હતી. વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંક્રમણ ફેલાતું અટકાવવા આ કઠોર પગલું જરૂરી હતું, પરંતુ આખરે માણસ વતનમાં નહીં જાય તો જશે ક્યાં ? એજ્યુકેશન હબ બની ગયેલા રાજસ્થાનના કોટા શહેરમાં ફસાયેલા હજારો વિદ્યાર્થીઓને અનેક બસો મૂકી એમનાં હોમ સ્ટેટમાં મૂકવામાં આવ્યા તો મજૂરોએ શો ગુનો કર્યો ? યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશના બહાર વસતા લોકોને લઈ આવવા બસો મૂકવાની વાત કરી છે. ગુજરાત સરકાર પણ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને અન્ય રાજયોના આવા લોકોને એમનાં રાજયોની સરહદો પર છોડી દેવાનો નિર્ણય લઈ ચૂકી છે. અલબત્ત, કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરી કહે છે તેમ આથી સંક્રમણની શક્યતા વધી શકે છે, પરંતુ પૂરતી મેડિકલ તપાસ પછી, કેમ્પોમાં ચૌદ દિવસ સુધી ક્વૉરન્ટાઈન થયેલ તંદુરસ્ત લોકોને વતનભેગા કરવામાં જ શ્રેય છે. હજી બે મહિના સુધી સંક્રમણ ચાલુ રહેવાનું આકલન થયું હોય ત્યારે લોકોને બેકાર હાલતમાં રઝળતા મૂકી દેવા એ કરતાં એમની ઈચ્છા મુજબ વતન પહોંચાડવા એ જ તરણોપાય છે.

વેટની કલમ ૮૪(અ) ગેરબંધારણીય

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં વેટની કલમ ૮૪(અ) ને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ઠરાવતો હુકમ કરતા ધંધા ઉદ્યોગોને મોટી રાહત મળશે.

આ કલમ બંધારણના સેવન્યુ શીડયુલની લીસ્ટ બેની એન્ટ્રી ૫૪ મુજબ પણ રાજયની ધારાસભાની કાયદેસરની ક્ષમતાનો બહારનો વિષય હોઈ તેને ગેરબંધારણીય ઠરાવવામાં આવી છે. વેટ વિભાગ દ્વારા વેપારીઓને ઈન્ડસ્ટ્રીયાલીસ્ટોને આ અન્વયે નોટીસો પાઠવેલ છે તે આથી રદબાતલ ગણાશે. રીલાયન્સ અને નિરમા ઈન્ડસ્ટ્રીઝને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં વેટની કલમ ૮૪(અ) ને ગેરબંધારણીય અને ગેરકાયદેસર ઠરાવવા અરજ ગુજારતા ખંડપીઠે હુકમ કરી વેટની કલમ ૮૪(અ) ને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ઠરાવતા ગુજરાતના મોટા ઉદ્યોગોને આર્થીક ફાયદો થશે. આ ચુકાદા ઉપરના સ્ટેની માંગ કરતી રાજય સરકારની અરજને પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ ના મંજુર કરતા ચાલુ વર્ષે પણ ૮૪(અ) મુજબ વેટ ઉઘરાવી શકશે નહિ તેમજ જે ઉદ્યોગોએ આ અન્વયે વેટ ભરેલ હશે તેને રીફન્ડ મળવા પાત્ર થશે.

નિરમા ઈન્ડસ્ટ્રીઝ અને રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને વેટ વિભાગે ૮૪(અ) મુજબ પાઠવેલ નોટીસ સામે પીટીશન કરતા બન્ને પીટીશન મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ રજુ કરવામાં આવતા બન્ને પીટીશન લગત એક જ હુકમ કરી વેટની કલમ ૮૪(અ) ને રદબાતલ ઠરાવતો હુકમ નામદાર ન્યાયમૂર્તિએ કરેલ છે. જેનો ગુજરાતમાં તાત્કાલિક અમલ કરવા જણાવેલ છે.

વેટમાં પાછળથી એસેસમેન્ટ કરીને કલમ ૮૪ માં ૮૪(અ) નો ઉમેરો કરવામાં આવતો હતો જેનાથી લાખો ઉદ્યોગકારોને આર્થીક નુકશાન સહન કરવામાં આવેલ જે પાછલી અસરથી આકારણી માટેની કાર્યવાહીને સમાન બનાવતી ધારાનો ઉમેરો કરવામાં આવતા ત્રણ વર્ષની સમય સીમાનો ૮૪(અ) થી છેદ ઉડી જતા પાછલા વર્ષની આકારણી પણ માન્ય ગણી બાકિ નિકળતા વેટની વસુલાત કરવા એડીશન કમિશ્નરે ઉદ્યોગોને નોટીસ પાઠવેલ જે મુજબ સમય સીમા ત્રણ વર્ષ રદબાતલ થતા પાછલા વર્ષના વેટની રકમ કરોડોમાં થવા જતા અરજદારને આર્થીક દ્રષ્ટીએ નુકશાન થતા સદરહુ કલમ ૮૪(અ) રદબાતલ ઠરાવવા અરજ ગુજારેલ અગાઉ પણ આ કલમ ૮૪(અ) રદબાતલ ઠરાવવા નાણા મંત્રીને ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશને લેખીત જાણ કરેલ જે આગામી નાણાકિય વર્ષમાં લાગુ નહિ કરવામાં આવે તેવી સરકારે બાંહેધરી આપેલ પરંતુ તેનો અમલ ગુજરાત સરકારે કરેલ નહિ.

> રાજય સરકારને ટેકસ સહિતના કાયદામાં સુધારો કરવાની સત્તા છે પરંતુ આવો સુધારો ગેરવ્યાજબી કે મનસ્વી ના હોવો જોઈએ.

દેશના બંધારણની કલમ ૨૪૬(અ) મુજબ કેન્દ્ર એ રાજય ગુડસ એન્ડ સર્વિસ ટેકસ માટે અલગ અલગ સત્તા મળતી નથી કારણ કે જીએસટીનો આશય જ ટેકસના માળખામાં એકસૂત્રતા લાવવાનો છે. હાલમાં કલમ ૮૪(અ) નો સુધારો કરતા ટેકસમાં એક સૂત્રતા જળવાતી નથી અને કલમ ૨૪૬(અ) નો પણ ભંગ કરે છે. રાજય સરકારને ટેકસ સહિતના કાયદામાં સુધારો કરવાની સત્તા છે પરંતુ આવો સુધારો ગેરવ્યાજબી કે મનસ્વી ના હોવો જોઈએ.

ભારતના સંવિધાનમાં કેન્દ્ર અને રાજયોને જે વિષયવસ્તુ પરત્વે કાયદા ઘડવાની સત્તા છે તે સંવિધાનની સાતમી અનુસૂચિમાંત્રણ યાદીમાંસ્પષ્ટ રીતેદર્શાવવામાંઆવી છે. આ બાબતે સંવિધાને ગર્વમેન્ટ ઈન્ડીયા એક્ટ ૧૯૩૫ ની જોગવાઈ મુજબ અમલ કર્યોછે.

આ જોગવાઈ મુજબ સાતમી અનુસૂચિમાં પ્રથમ યાદીમાં જે ૯૭ બાબતો છે તે બાબતોમાં કેન્દ્રને બીજા ભાગની ૬૬ બાબતો માટે રાજયોને અને ત્રીજી યાદીની ૪૭ બાબતો માટે કેન્દ્રને અને રાજયોને સંયુકત રીતે કાયદા ઘડવાની સત્તા આપી છે. અહિ આર્ટીકલ ૨૪૬(૧) ના શરૂઆતના શબ્દો not with standing and thing in ctauses 2 and 3ને ધ્યાનમાં રાખવામાં આવે છે.

ભારતના સંવિધાને આર્ટીકલ ૨૪૬ માં કેન્દ્ર અને રાજયો વચ્ચે સત્તાની વહેચણી કરવા સાતમી અનુસૂચિમાં સ્પષ્ટ જોગવાઈ રૂપે કેન્દ્રની યાદી રાજયની યાદી અને સહવર્તી યાદીની કાયદા ઘડવાની હકુમત સ્પષ્ટ રીતે દર્શાવી હોવા છતાં પણ ઘણીવાર કેન્દ્રનો એક કાયદો રાજયના કાયદાની ઉપરવટ જવાની શકયતાઓ રહે છે. રાજયો રાજયો વચ્ચેના કાયદાઓમા પણ આવુ બને છે. આવા સંજોગોમાં જે વિવાદ ઉભો થાય તેમાથી યોગ્ય અર્થઘટન દ્વારા સર્વોચ્ચ અદાલતે સૂચવેલા ઉપાયો મુજબ વિવાદીત કાયદાઓને રદ પણ કર્યા છે. જેમાં અમર્યાદિત સત્તાનો સિધ્ધાંત, કેન્દ્રીય સત્તાના પ્રભુત્વનો સિધ્ધાંત અને સુમેળભર્યા અર્થઘટનનો સિધ્ધાંત, રાજય સરકારે ઘડેલા કાયદાનો અમલ કરતા પહેલા સમગ્ર કાયદો ધ્યાનમાં લેવવો જોઈએ તેના મુખ્ય હેતુઓ ધ્યાનમાં લેવવા જોઈએ તથા તેની વ્યાપ અને જોગવાઈની અસરો પણ ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રસ્તુત કેસમાં કલમ ૮૪(અ)ની જોગવાઈઓનો વ્યાપ ધ્યાનમાં લેવામાં આવ્યો ના હોય કેન્દ્ર દ્વારા પસાર કર્યા પછી રાજયનો આ વિષય પર કોઈ પણ કાયદો ગેરબંધારણીય ઠરે છે. તેથી વેટની કલમ ૮૪ માં કલમ ૮૪(અ) ની જોગવાઈ રદબાતલ ઠરાવવામાં આવે છે.

આપણે ફરીથી આપણું નોર્મલ જીવન જીવવા ઉત્સુક છીએ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગાઢવી

હું મને બહુ એકલો લાગું....
એમ થાતું કે સાવ છું હું તો ઘઉંવછોડયું ફોતરું
ઘોર અંધારું છે એમાંથી પડછાયો કેમ કોતરું?
પડછાયા વિણ વલવલાટો કોણની સાથે જોતરું ?
- રમેશ પારેખ

આજના આ સમયમાં ઉપરોક્ત પંક્તિ સાચે જ બંધબેસતી જણાય છે. છેલ્લા કેટલાય સમયથી કોરોના વિષે જેટલી ચર્ચાઓ થઈ છે તે જોતાં મોટાભાગના લોકો આ વ્યાધિ અંગે ઘણું-બધું જાણતા અને સમજતા થઈ ગયા છે. ટી.વી. પર, સોશિયલ મીડિયા પર કોરોનાગ્રસ્ત દર્દી સાથે થતી વાતચીત, તેના અનુભવો અને તેની સારવાર અંગે પ્રાપ્ત થતી માહિતીથી આપણે બધા હવે સારી રીતે માહિતગાર છીએ જ. અને આ તમામ બાબતોનો સાર એટલો જ છે કે આ રોગ ભયજનક અને જીવલેણ નથી. આ રોગનો સૌથી વધુ મહત્ત્વનું લક્ષણ એ છે કે તે ચેપી છે, ઝડપથી પ્રસરે છે અને માટે તેનું નિવારણ Social distancing જ છે. આ રોગમાં સપડાયેલા લોકોનું માત્ર એ જ કહેવું છે કે તેમને કોઈ ખાસ લક્ષણો નથી, કોઈ ભયજનક કે તકલીફ પડે તેવી પીડા પણ નથી. માત્ર પરિવારજનો, દુનિયાના અન્ય લોકો સાથેનો અમુદ દિવસ પૂરતો એકાંતવાસ એ જ એકમાત્ર કંટાળાજનક બાબત છે.

લોકડાઉનના સકારાત્મક પાસાઓને જાણ્યા અને માણ્યા છતાં આપણને એક છૂપો ડર છે કે આ બધું આમ જ ક્યાં સુધી ચાલશે ? વાતાવરણ શુદ્ધ બન્યું, પ્રકૃતિ પોતાના મૂળ સ્વરુપમાં પાછઈ ફરી, નદીઓના નીર શુદ્ધ બન્યા એ બધી જ બાબતો દર્શાવે છે કે આપણે પ્રકૃતિની જાળવણી કરવાની બાબતે કેટલા બેદરકાર હતા! તે જ રીતે ઘરમાં રહીને પરિવારજનો સાથે એકબીજાની હૂંફ અને હિંમત બની આપણે સાથે મળીને સંપીને રહેતા પણ શીખ્યા. મનગમતી અને આજ સુધી ન થઈ શકેલી તમામ પ્રવૃત્તિઓ કરવાની અને કુદરતી તક સાંપડી. વાસ્તવિકતાની દુનિયામાં આપણે ફરી એકવાર પરિવારના સાચા મહત્ત્વને જાણી અને માણી શક્યા.

અલબત્ત, આ તમામ બાબતો છતાં આપણને થાક, કંટાળો, ગુસ્સો અને હતાશા થઈ. આપણને આપણી નજર સામે સહેલાઈથી પ્રાપ્ત થઈ જતી બાબતોની ક્યારેય કદર નથી થઈ પણ હવે આપણને આપણી ભૂલ સમજાઈ ગઈ છે. આપણી જિંદગીમાં, આપણા અંગત સંબંધોમાં કે આપણી આસપાસ વસતા લોકો સાથે જયારે કોઈ બાબતે મતભેદ કે મનભેદ થાય ત્યારે આપણે માફી માંગીને, જતું કરીને કે માફ કરીને એ પરિસ્થિતિને સાચવી લેવાની ટેવ છે અને તે જ રીતે આપણને હવે લાગે છે કે આપણે હવેથી પ્રકૃતિનું જતન કરીશું, ઘર-પરિવારને સમય આપીશું, સ્વચ્છતા જાળવીશું, હોટલ-થિયેટર અને મોંઘા હોલીડે પેકેજીસને બદલે ઘરમાં જ સાત્ત્વિક આનંદ મેળવવા પ્રયત્ન કરીશું. ખલિલ જિબ્રાન લખે છે તેમ :

'દિવસ પછી રાત્રિ અને રાત્રિ પણ દિવસ એવો ક્રમ તો ચાલતો જ રહે છે, પણ એનાં રહસ્યો તો તમારું હૃદય જયારે મૌન થાય છે ત્યારે જ તમને સમજાય છે. અંતરયાત્રા કોઈ એક સીધી લીટીમાં ન પણ હોય. અસંખ્ય પાંખડીઓવાળા કમળની જેમ આત્મા પોતાને અનેક દિશાઓમાંથી ઉદ્‌ઘાટિત કરે છે.'

આપણે ફરીથી આપણું નોર્મલ જીવન જીવવા ઉત્સુક છીએ. આપણે ઈશ્વરને અને પ્રકૃતિને સોરી કરીને આ રોગથી આગળ વધવા, મુક્ત થવા ઈચ્છીએ છીએ. આપણી પાસે હજી જીવનમાં જીવવા જેવું, માણવા જેવું, કરવા જેટલું અને જાણવા જેવું ઘણું બધું છે. લોકડાઉન રુપી બ્રેકથી આપણી એકધારી ઝડપી જિંદગીમાં આવેલા અવરોધને ભૂલીને ફરી એકવાર આપણી ફાસ્ટ લાઈફ જીવવી છે. નવા નોકરી-ધંધા, નવી તક, સફળતાના નવા શિખરો આપણે હવે વધુ મહેનતપૂર્વક સર કરવા છે. આપણે જલ્દીથી આપણા આ સપનાઓને સાકાર કરી શકીએ એવી ઈશ્વરને પ્રાર્થના.

Last Seen :
એકલતાનો દરિયો અફાટ હું જ પોતે હું જળ રે
શૂન્ય છું ને હું જ જાણે છું શૂન્યનું પ્રકટ ફળ રે
ટકવા માટે દોડતો લેવા ટકવાનું હું બળ રે
સોયની અણી જેમ જ્યાં ને ત્યાં સોંસરો મને વાગું.
- રમેશ પારેખ

- nehalgadhavi101@gmail.com

કોરોનાની ગાજવીજમાં ૧૦૦ ટકા અનામત અંગે સુપ્રીમનો ઐતિહાસિક ચુકાદો

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

દેશ અને દુનિયા કોરોના વાયરસગ્રસ્ત છે ત્યારે આપણી આસપાસ બનતી અત્યંત મહત્વની ઘટનાઓ પણ ક્યારેક નજરથી ઓજલ થતી હોય છેઃ હજુ હમણાં જ ૨૨ એપ્રિલ ૨૦૨૦ના રોજ દેશની સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયાધીશોની ખંડપીઠે અનામત અંગે અત્યંત મહત્વનો અને ઐતિહાસિક કહી શકાય એવો ચુકાદો આપ્યો, પણ કોરોનાના ઘૂઘવાટમાં દૂરગામી અસરો અને નવાં અનામત આંદોલન સંભવિત બનાવનાર આ ચુકાદા ભણી બહુ ઓછું ધ્યાન ગયું. વર્ષ ૨૦૧૪માં આંધ્રપ્રદેશનું વિભાજન થતાં રાજધાની હૈદરાબાદ સહિતનું અલગ તેલંગણ અને આંધ્રપ્રદેશ એ બે રાજ્યો અમલમાં આવ્યાં. એ પહેલાં વર્ષ ૧૯૮૬માં અનુસૂચિત જાતિ (એસટી) માટેના બંધારણની પાંચમી અનુસૂચિ મુજબના ક્ષેત્રમાં શિક્ષકોની ભરતીમાં ૧૦૦ % આદિવાસી અનામતનું ધોરણ અપનાવતા સરકારી આદેશને પડકારતી ચેબ્રોલુ લીલા પ્રસાદ રાવ અને અન્યોની અરજી સંદર્ભે અપાયેલાચુકાદામાં જેમને વર્ષ ૧૯૮૬ અને વર્ષ ૨૦૦૦ના સરકારના ભૂલભરેલા અને ગેરબંધારણીય આદેશ હેઠળ નોકરીમાં લેવામાં આવેલાં છે તેમની નોકરી સુરક્ષિત રાખીને પણ સંબંધિત અનામત આદેશોને રદ કરાયા છે. ન્યાયાધીશ અરુણ મિશ્રાના વડપણવાળી પાંચ ન્યાયાધીશોની ખંડપીઠમાં ન્યાયાધીશો ઈન્દિરા બેનરજી, વિનીત સરણ, એમ.આર.શાહ અને અનિરુદ્ધ બોઝનો સમાવેશ હતો. અવિભાજય આંધ્રપ્રદેશ અંગેના સંબંધિત ચુકાદામાં અદાલતે સ્પષ્ટ કર્યું છે કે બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરીને ૧૦૦% અનામતનો અમલ કરવાની સત્તા આદિવાસી સંરક્ષકની ભૂમિકા નિભાવતા રાજયપાલને પણ નથી અને તેમણે ઈન્દિરા સાહનીના ચુકાદાના નિર્દેશ મુજબ ૫૦% ટકાની અનામત ટોચમર્યાદાનો અમલ કરવાનો રહે જ છે. હવે આ બાબત નવા વિવાદો અને આંદોલન સર્જવાનું નિમિત્ત બની શકે. ખાસ કરીને આમ પણ દેશમાં અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ(એસટી)માં અનામત અંગે અજંપાભરી સ્થિતિ છે ત્યાં આ ચુકાદાએ ચિંતા વધારી દીધી છે. ઓછામાં પૂરું, હજુ હમણાં જ કેન્દ્ર સરકારે તથાકથિત સવર્ણોને અનામતનો લાભ આપવા માટે બંધારણ સુધારીને આર્થિક રીતે પછાતોને માટે ૧૦% અનામતની જોગવાઈ કરીને ઉજળિયાતો કે બિન-અનામત વર્ગનો આક્રોશ ટાઢો પાડેલો છે. એ પણ ભભૂકી ઊઠવાની શક્યતા નિર્માણ થઈ છે. આંધ્ર-તેલંગણમાં આદિવાસી અનુસૂચિ ક્ષેત્રમાં પણ અનામતની ટકાવારી ૫૦%થી ના વધે એવો આ ખંડપીઠનો ચુકાદો અન્યત્ર પણ લાગુ થશે કે કેમ એ ચર્ચા શરૂ થઈ ગઈ છે.

- **આદિવાસી માટેના અનુસૂચિ ક્ષેત્રમાં પણ ઇન્દિરા સાહની ચુકાદાની ૫૦ % અનામતની મર્યાદા પાળવી પડે**
- **સમતા જજમેન્ટ પછી આંધ્ર-તેલંગણ અંગેના સર્વોચ્ચ અદાલતના ચુકાદા પછી દેશભરમાં અજંપાનો માહોલ**
- **કેન્દ્ર સરકારે બંધારણ સુધારો કરીને ૧૦ % અનામત વધાર્યાનો મામલો પણ સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા હેઠળ છે**
- **તમિળનાડુમાં ૮૦% અને મોટાભાગનાં રાજ્યોમાં ૫૦% કરતાં વધુ અનામતના અમલ બાબત નવી મૂંઝવણ**

આંધ્રમાં શિક્ષકોની ભરતી

આંધ્રપ્રદેશનો મામલો છે ખૂબ જૂનો અને ટ્રાયબ્યુનલ અને હાઈકોર્ટમાં ગયા પછી વર્ષ ૨૦૦૨માં ચેબ્રોલુ લીલા પ્રસાદ રાવ અને બીજા અરજદારો એ સુપ્રીમે લઈ આવ્યા.હવેનાં બંને રાજ્યોમાં અનુસૂચિત જનજાતિ (એસટી) માટે ૬ % અનામત અમલમાં છે, પણ આદિવાસી અનુસૂચિ ક્ષેત્રમાં શિક્ષકોની ભરતી કરવા માટે ૧૯૮૬ના સરકારી આદેશ મુજબ ૧૦૦% આદિવાસી અનામતનો અમલ કરવામાં આવ્યો હતો. આ મામલો વિવાદાસ્પદ બન્યો ત્યારે વર્ષ ૨૦૦૦ માં એ સંદર્ભમાં પાછલી અસરથી અમલમાં આવે એ રીતે આદેશો કાઢીને એ વાજબી લેખાવવાના પ્રયાસો થયા હતા. મુદ્દો એ હતો કે આ આદિવાસી શિડ્યુલ્ડ એરિયામાં આદિવાસી ઉપરાંત બીજા અનુસૂચિત જાતિ, અન્ય પછાત વર્ગ અને બીજા લોકો વસે છે તેમને આદિવાસી માટેની ૧૦૦% અનામતને કારણે અન્યાય થયો છે. તેઓએ આ ભરતીની પ્રક્રિયાને પડકારી હતી. મામલો દાયકાઓ સુધી ખેંચાતો ગયો અને હાઈકોર્ટે પણ રાજ્ય સરકારના અનામત આદેશોને વાજબી લેખાવ્યા ત્યારે અરજદારો સુપ્રીમમાં આવ્યા. સુપ્રીમે આપેલા ચુકાદામાં આંધ્રપ્રદેશ અને તેલંગણ બંને રાજ્યની સરકારોને અ અપીલના પાંચ લાખ રૂપિયાનો ખર્ચ સરખાભાગે ચૂકવવાનો પણ આદેશ આપ્યો છે.ત્રણ દાયકા પહેલાંના ભરતી પ્રકરણમાં જે શિક્ષકો નોકરીમાં લેવાયા તેમને અપવાદરૂપ સુરક્ષા આપીને અદાલતે ભવિષ્યમાં ૧૦૦% અનામત નહીં રાખવા અને ઈન્દિરા સાહનીના ચુકાદા મુજબ અનામતનું પ્રમાણ ૫૦%થી વધે નહીં એની કાળજી રાખવા આદેશ અપાતાં આવતા દિવસોમાં નવા વિવાદ સર્જાવાની શક્યતા છે. ખાસ કરીને તમિળનાડુમાં છેક ૧૯૯૪થી અમલમાં આવેલી ૬૯% જેટલી અનામત ઉપરાંત મોટાભાગનાં દક્ષિણનાં રાજ્યોમાં અનામતની ટકાવારી ૮૦%ને આંબવામાં છે અને અન્ય રાજ્યોમાં પણ અનામતની ટકાવારી ૫૦%ને આંબી ગઈ છે ત્યારે એ અંગે સુપ્રીમમાં વિચારાધીન પડેલી અરજીઓનો નિકાલ તાજા ચુકાદાના ધોરણે જ થશે કે કેમ એ કશમકશ પણ શરૂ થઈ ગઈ છે. સુપ્રીમના આ ચુકાદાને આવકાર આપતાં અખબારોએ અનામત એ બંધારણીય અધિકાર નહીં હોવાની ભૂમિકા પર તંત્રીલેખો લખવાના શરૂ કર્યાં છે. અનામત બે પેઢી સુધી જ સીમિત કરવી જોઈએ એવો સૂર પણ નીકળી રહ્યો છે. મંડળ પંચના સભ્ય અને મુંબઈ હાઈકોર્ટના ન્યાયાધીશ રહેલા જસ્ટિસ આર.આર.ભોળેએ દાયકાઓ પહેલાં આ લખનારને આપેલા ઈન્ટર્વ્યૂમાં સ્પષ્ટ કહ્યું હતું કે અનામતનો લાભ માત્ર બે પેઢી સુધી જ સીમિત કરી દેવો ઘટે. બંધારણના મુખ્ય ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકર સંસ્થાપિત પીપલ્સ એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ રહેલા જસ્ટિસ ભોળેની એ વાત આજે ચર્ચામાં આવે કે અનામત વર્ગોમાં અજંપો વ્યાપે છે.સુપ્રીમના તાજા ચુકાદા અંગે કોરોનાના માહોલમાં હજુ અનામત જાતિઓ કે વર્ગો સંગઠિત નિર્ણય કરી શક્યા નથી, પરંતુ આવતા દિવસોમાં એ દેશભરમાં ભારે ઉહાપોહ જગાવશે.

સમતા જજમેન્ટનો મામલો

આંધ્રપ્રદેશમાં આદિવાસી વિસ્તારોમાં અને ખાસ કરીને આદિવાસીઓના શિડ્યુલ્ડ એરિયાઝમાં ખાણખનીજ માટે બહારની કંપનીઓને અપાતા પરવાના સામે સમતા નામની સ્વયંસેવી સંસ્થાએ આ